
મલાલા

પાકિસ્તાન ની એક બહાદુર છોકરી



જીનેટ વિંટર

મલાલા

પાકિસ્તાન ની એક બહાદુર છોકરી

જીનેટ વિંટર



મલાલા યુસૂફઝાઈ

મલાલા નો જન્મ પાકિસ્તાન ની સ્વાત ઘાટી ના નાના કસબા મિંગોરા માં થયો હતો. એ ત્યાં એના માતા-પિતા અને બે ભાઈઓ સાથે રહેતી હતી. મલાલા એ જલ્દી સ્કૂલ જવાનું ચાલુ કરી દીધું કેમકે એના પિતા ત્યાં એક સ્કૂલ ચલાવતા હતા. મલાલા ભણવામાં બહુ હુશિયાર હતી.

જયારે ધાર્મિક ઉગ્રવાદી સમૂહ તાલિબાને સ્વાત ઘાટી માં સત્તા હાસિલ કરી ત્યારે એ લોકો એ છોકરીઓને સ્કૂલ જતા રોકી. મલાલા એ એના પિતા ને પૂછ્યું, "એ કેમ નથી ઇચ્છતા કે છોકરીઓ સ્કૂલ જાય?"

"તેઓ કલમ થી ડરે છે," એના પિતા એ જવાબ આપ્યો.

જયારે મલાલા ફક્ત અગિયાર વર્ષ ની હતી, ત્યારે એણે પહેલી વાર સાર્વજનિક રીતે છોકરીઓ માટે શિક્ષા ના મહત્વ માટે પોતાનો અવાજ બુલંદ કર્યો. જયારે તાલિબાન વધારે આક્રમક થયા, ત્યારે પણ મલાલા એ બોલવાનું ચાલુ રાખ્યું. ધમકીઓ નો સિલસિલો ચાલુ રહ્યો, તો પણ તાલિબાન મલાલા ને બોલવાથી રોકી ન શક્યા. અંત માં જયારે મલાલા સ્કૂલ બસ માં જઈ રહી હતી ત્યારે એક તાલિબાની ફૌજી એ મલાલા પર ગોળી ચલાવી. ગોળી એના માથા અને ગરદન માં થઈ ને એના ખભા માં ઘુસી ગઈ. મલાલા નો ઘણી હોસ્પિટલો માં ઈલાજ થયો. અંત માં ઇંગ્લેન્ડ ના બર્મિંગહામ માં ક્વીન એલિઝાબેથ હોસ્પિટલ માં એ ઠીક થઈ, જ્યાં એ હાલ એના પરિવાર સાથે રહે છે.

મલાલા ને બહાદુરી માટે ઘણા પુરસ્કાર મળ્યા, જેમાં આંતરરાષ્ટ્રીય શાંતિ પુરસ્કાર (ઉપવિજેતા), પાકિસ્તાન યુવા શાંતિ પુરસ્કાર, સામાજિક ન્યાય માટે મધર ટેરેસા મેમોરિયલ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર અને શાંતિ અને માનવતા માટે રોમ પુરસ્કાર શામેલ છે. 2013 માં એ નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાનિર્દિષ્ટ હતી.

મલાલા એ અન્યાય સામે લગાતાર બોલવાનું ચાલુ રાખ્યું.

આપણે સંકટ થી બચવા પ્રાર્થના ન કરીયે,
બલ્કે એનો સામનો કરતી વખતે નીડર બન્યા રહીયે.
રવીન્દ્રનાથ ટાગોર





"મલાલા કોણ છે?" તાલિબાની ફૌજી એ સ્કૂલ બસ ની તલાશી લેતા પૂછ્યું.



મલાલા એક એવી છોકરી છે જે ડરતી નથી.

"હું ખુદ ને જ્ઞાન થી સશક્ત કરીશ," એણે કહ્યું.



તાલિબાની ફૌજીઓ એ સ્વાત ઘટી માં છોકરીઓ ને કહ્યું,

"સ્કૂલ નહીં જતા."

"વાંચતા નહીં," એમણે કહ્યું.

પણ છોકરીઓ એ એમની વાત સાંભળી નહીં.

એ બહાદુર છોકરીઓ હતી.



સ્કૂલ ની કક્ષા છાત્રો ને સૂર્ય ની કિરણો અને ધમકી ના ખતરાઓ થી બચાવે છે.

પણ સ્કૂલ થી દૂર, એક કાળું વાદળું દરેક જગ્યા એ એમનો પીછો કરી રહ્યું હતું.



રોજ તાલિબાન એમની ધમકીઓ ને પ્રસારિત કરતા હતા.

"છોકરીઓ એ સ્કૂલ ન જવું જોઈયે," તેઓ કહેતા.

પણ મલાલા એક બહાદુર છોકરી છે જે એમની વિરુદ્ધ બોલે છે.

"મને શિક્ષા નો અધિકાર છે.

મને રમવા નો અધિકાર છે.

મને ગાવા નો અધિકાર છે.

મને વાતો કરવાનો અધિકાર છે.

મને બજાર જવાનો અધિકાર છે.

મને બોલવાનો અધિકાર છે."



સ્વાત ઘાટી ની બહાદુર છોકરીઓ એ તાલિબાની ફૌજીઓ ને ચકમો આપવા સ્કૂલ જવા ગણવેશ ને બદલે ઘર ના સાધારણ કપડાં પહેર્યાં.

એમણે સ્કૂલ નો ગણવેશ ઘરે જ રાખ્યો.



મલાલા વારે-વારે બોલી, એણે ફરી-ફરી એનો અવાજ ઉઠાવ્યો.

"એ મને રોકી નહીં શકે.

હું જરૂર શિક્ષા પ્રાપ્ત કરીશ.

એ ચાહે ઘર માં, સ્કૂલ માં, કે ક્યાંય પણ હોય."





સ્વાત ઘાટી માં બિલકુલ શાંતિ નથી.

તાલિબાન સ્કૂલ સળગાવે છે અને બૉમ્બમારો કરે છે.

તો પણ મલાલા બોલી.

"ઉગ્રવાદી પુસ્તકો અને પેન થી ડરે છે.

એ મહિલાઓ થી ડરે છે.

તાલિબાને શિક્ષા ના મારા મૂળ અધિકાર ને છીનવાની હિમ્મત કેવી રીતે કરી?"



હવે સ્કૂલ જવું બહુ ખતરનાક થઈ ગયું છે. સુરક્ષા માટે છોકરીઓ સ્કૂલ બસ નો જ ઉપયોગ કરે છે. પછી એક દિવસ એક તાલિબાની ફૌજી એ સ્કૂલ બસ ને રોકી. એણે અંદર જોયું અને પૂછ્યું,

"મલાલા કોણ છે?

જલ્દી બતાવો, નહીં તો હું તમને બધા ને ગોળી મારી દઈશ."

પછી એણે મલાલા પર ગોળી ચલાવી.



બસ મલાલા ને સ્વાત ઘાટી ની નાની હોસ્પિટલ માં લઈ ગઇ.

એક હેલિકોપ્ટર એને દૂર ની મોટી હોસ્પિટલ માં લઈ ગયું. પછી એક જેટ વિમાને સમુદ્ર પર ઉડાન ભરી ને એને એથી પણ મોટી હોસ્પિટલ માં પહોંચાડી.

દરેક હોસ્પિટલ માં ડોક્ટરો એ મલાલા ને બચાવવાની કોશિશ કરી.



મલાલા પર ચાલેલી ગોળી નો અવાજ આખી દુનિયા માં ગુંજ્યો. બધી જગ્યાએ છોકરા-છોકરીઓ, મહિલાઓ-પુરુષો એ મલાલા ના સાજા થવા માટે પ્રાર્થના કરી.

ધીરે-ધીરે મલાલા એની બેહોશી માં થી જાગી. એણે એની આંખો ખોલી અને પછી હાથ માં એક ચોપડી પકડી ને મોં મલકાવ્યું.

પછી એનો અવાજ પણ પાછો આવ્યો.



એના 16 માં જન્મદિવસે મલાલા વિશ્વ નેતાઓ સામે ફરી બોલી, પહેલા ની તુલના માં ઔર વધારે મજબૂતી થી.

"એમને લાગ્યું કે ગોળી ઓ અમને ચૂપ કરી દેશે, પણ તેઓ એમાં નિષ્ફળ ગયા.

એક છાત્ર, એક શિક્ષક, એક ચોપડી, એક કલમ, દુનિયા ને બદલી શકે છે."

પછી આખી દુનિયા એ પાકિસ્તાન ની આ બહાદુર છોકરી નો અવાજ સાંભળ્યો.

